## શુક્ર+આચાર્ય એ બે શબ્દોમાં ભરેલાં ઘણાં ઘણાં રહસ્યો

અસુરોના ગુરુ શુક્રાચાર્ય પાસે 'મૃતસંજીવની વિદ્યા' હતી તેનો ઉલ્લેખ શાસ્ત્રોમાં છે.

શુક્રાચાર્ય એટલે શુક્રના આચાર્ય. શુક્ર અને આચાર્ય - આ બે શબ્દોમાં ઘણાં રહસ્યો ભરી દીધાં છે. તેમાંથી પ્રથમ શુક્રને સમજીએ.

રસ, રક્ત, માંસ, મેદ, મજ્જા, અસ્થિ અને વીર્ય; આ ક્રમે ખાધેલા ખોરાકનો પરિપાક થાય છે તેમ આયુર્વેદમાંથી જાણવા મળે છે. ઉપરોક્ત સાત ધાતુઓમાંની સાતમી ધાતુ વીર્યનું સૂક્ષ્મ રૂપાંતર આ ક્રમે થાય છે - શુક્ર, ઓજ, તેજ, પ્રાણ, વિદ્યુત અને મન. મન જ કાર્યભેદે બુદ્ધિ, ચિત્ત અને અહંકાર નામ પામે છે. આ ક્રમ બ્રહ્મ સુધી આગળ વધે છે. આ રીતે બ્રહ્મને ધારણ કરીને, બ્રહ્મચારી બનીને બ્રહ્મમાં ચર્યા કરવાની ક્ષમતા કેળવાય છે, મેળવાય છે. વિદ્યુતનો મુખ્ય ધર્મ પ્રકાશ(જ્ઞાન) અને આકર્ષણ છે. જેનામાં પ્રાણ અને વિદ્યુતની માત્રા જેટલી વધુ તેનામાં જ્ઞાન અને આકર્ષણ અધિક. આવી વિદ્યુતયુક્ત વ્યક્તિ તરફ અનાયાસે જ પ્રેમ અને આકર્ષણ જન્મે છે. પ્રેમ અને આકર્ષણ એક સિક્કાની બે બાજુઓ જેવાં છે.

આચાર્ય એટલે આચરણ કરનાર અને કરાવનાર. માંસ, મેદ વગેરે શુક્રથી નીચેનાં સ્વરૂપો તથા પ્રાણ, વિદ્યુત વગેરે શુક્રથી ઉપરનાં રૂપાંતરો વિષે પરિપૂર્ણપણે જાણી, સમજી તેનું શોધન, વર્ધન, ધારણ, જારણ, મારણ વગેરે પોતે પણ કરી શકે અને અન્યોને પણ આ બધું શીખવવાનો પ્રયત્ન કરે તે કહેવાય 'શુક્રાચાર્ય'.

સ્થૂળ, સૂક્ષ્મ, સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ્ અર્થાત્ રસ-રક્તથી માંડીને વિદ્યુત-મન સુધીનાં બધાં જ તત્ત્વોનું પરિપૂર્ણ વિજ્ઞાન શુક્રાચાર્ય પાસે હતું. તેથી તેમને મૃતસંજીવની વિદ્યા હસ્તગત હતી. આ વિદ્યાથી તેઓ નિષ્પ્રાણમાં પણ પ્રાણ પૂરવા સમર્થ થઈ શક્યા હતા, મરેલાને પણ જીવતા કરી શકતા હતા.

શુક્રાચાર્ય *વિજ્ઞાનીઓથી થોડી* ઉપરની અને *ઋષિઓથી થોડી નીચેની* 'આચાર્ય' કોટીમાં હતા.

હાલના વિજ્ઞાનીઓ કેવળ 'ટેસ્ટ ટ્યુબ બેબી' કે 'વીર્યબેંક'થી આગળ વધ્યા નથી. આ સ્થૂળ વિજ્ઞાન યોગશાસ્ત્ર માટે કાંઈ નવું નથી. આવાં રહસ્યો તો સહજોલી, અમરોલી, વજ્રોલી વગેરે નામોથી યોગશાસ્ત્રમાં સારી રીતે ગોપનીય કરી દીધાં છે. દરેક શરીરમાં રજ અને વીર્ય બંને તત્ત્વો છે. અને જે શરીરમાં તે છે તે જ શરીરમાં તે બંનેનું મિલન-સંમિલન કરવાનું છે. તેનું નામ સાચી વજ્રોલી મુદ્રા અર્થાત્ શિવ-શક્તિનું મિલન: યોગનાં આવાં રહસ્યો ન સમજવાના કારણે ઘણા ભ્રમો ફેલાયેલા છે અને આથી પાખંડીઓને મોકળું મેદાન મળી જતું હોય છે.

હજુ વિજ્ઞાનીઓનું સંશોધન વીર્યથી આગળ વધીને શુક્રને પણ સ્પર્શ્યું નથી! વર્તમાન વિજ્ઞાન વિશ્વના સમસ્ત જીવોને મારી શકે છે પરંતુ મરેલી એક કીડીને પણ જિવાડી શકતું નથી. હાલના વિજ્ઞાનીઓએ ભલે 'જીવવિનાશીની વિદ્યા' પ્રાપ્ત કરી હોય પણ હજુ તેમણે 'મૃતસંજીવની વિદ્યા' પ્રાપ્ત કરી નથી. તેઓ આ વિદ્યાની લગોલગ પહોંચવા આવશે ત્યારે કદાચ વિશ્વ મહાપ્રલયની લગોલગ પહોંચી ગયું હશે.

શુક્રાચાર્ય અસુરોના ગુરુ હતા, દેવોના નહીં. કારણકે તેમણે શુક્ર તત્ત્વમાં એકાગ્રતા સાધી હતી, દેવતત્ત્વ બ્રહ્મતત્ત્વમાં નહીં. વધુ જીવવાની આશાને-ઇચ્છાને પણ ઋષિસંસ્કૃતિ મોહનું-અજ્ઞાનનું કારણ ગણે છે. પ્રાણનો મોહ છૂટે નહીં તે આત્માના અમરપણાને ન સમજ્યાની સાબિતી છે.

બૃહસ્પતિ દેવોના ગુરુ મનાય છે. બૃહદને-બ્રહ્મને જે યથાયોગ્ય રીતે જાણી શકે, યથાયોગ્ય રીતે જે તેમાં સ્થિર થઈ શકે તે બૃહસ્પતિ. ગુરુઓમાં બૃહસ્પતિની શ્રેષ્ઠતા દર્શાવવા ગીતામાં કહ્યું કે ગુરુઓમાં બૃહસ્પતિ હું છું.

'ધારા' જ્યારે અવળી થઈને 'રાધા' બને ત્યારે જ તે શ્રીકૃષ્ણને-શ્રીકૃષ્ણમાં મળી શકે છે તે વાત શ્રીકૃષ્ણના ઉપાસકોથી પણ અજાણ થઈ ગઈ છે ત્યાં અન્યોની વાત શી કરવી? જે ધારા મસ્તકથી-બ્રહ્મરંધ્રથી-વૈકુંઠથી અધોગામી થઈને, બહિર્ગમન કરે છે તે કૃષ્ણથી દૂર ફેંકાઈ જાય છે. કૃષ્ણ ધારાપ્રિય નથી પરંતુ રાધાપ્રિય છે. કૃષ્ણને મળવા માટે અધોગામી ધારાને અવળી કરીને - ઊર્ધ્વગામી થઈને રાધા બનવું પડે. અન્ય રાણી ભલે ધારા હોઈ શકે પણ પટરાણી તો રાધા જ હોય.

બધી જ ઇન્દ્રિયો અધોગામી થઈને - બહિર્મુખ થઈને વિખરાઈ રહી છે, વિનાશ પામી રહી છે. તેને બચાવવા માટે ઇન્દ્રિયોને પાછી વાળીને અંતર્મુખ કરવી પડશે. એ સિવાય ગોપી-કૃષ્ણનો રાસ સંભવ નથી, રાધા-કૃષ્ણનું મિલન શક્ય નથી. 'મરણં બિંદુ પાતેન જીવનં બિંદુ ધારણાત્' અર્થાત્ બિંદુનું (વીર્યનું) ક્ષરણ તે મૃત્યુ છે અને બિંદુને ધારણ કરી રાખવું તે જીવન છે. **હિંદુ બિંદુ સંયુક્તમ્. બિંદુથી જે સુસજ્જ છે તે હિંદુ. 'હિંદુ'ને જાતિ, પાતિ, જ્ઞાતિ, કોમ, સંપ્રદાય વગેરેમાં વેરવિખેર કરીને તેના અનુષ્યૂતપણાને ન વીસરીએ. તેના મૂળ ધ્વનિનો ધ્વંસ કરીને તેના આત્મચૈતન્યને ન હણીએ. 'હિંદુ'ની અધૂરી અને છીછરી વ્યાખ્યાથી માનવજાતને ન ભરી શકાય તેવું નુકસાન થયું છે.**

ધારામાંથી રાધા બનવાની-બનાવવાની પટુતા પ્રાપ્ત થાય એટલે મૃતસંજીવનીના આંગણામાં પ્રવેશ પામી જવાય છે. પછી જેટલું અંતર બાકી રહે છે તે ગુરુના માર્ગદર્શનમાં અને અંતઃસ્ફુરિત પ્રેરણા દ્વારા સહેજે કાપી શકાય છે. પરંતુ તોય 'આખિર ધૂલ કી ધૂલ.'

શુક્રાચાર્ય કે બૃહસ્પત્યાચાર્ય, યોગાચાર્ય કે ભોગાચાર્ય, રામાચાર્ય કે રાવણાચાર્ય, જ્ઞાનાચાર્ય કે વિજ્ઞાનાચાર્ય, શંકરાચાર્ય કે તંત્ર-મંત્ર-યંત્રાચાર્ય; તેમાંથી કોઈપણ હાલમાં શરીરથી સમાજમાં મોજૂદ નથી કે જેથી તેઓ આપણને ખાત્રીપૂર્વક કહી શકે કે શરીરથી અમર થઈ શકાય છે. અમરપણાની શાસ્ત્રોની વાતો શાસ્ત્રો જાણે. જો આમ બધું જ આળપંપાળ હોય તો આ લેખાચાર્ય અને આ વાચકાચાર્ય વિષે નિયમથી વધારેની આશા કેમ રાખી શકાય? તેથી આપણે તો એટલું જ કહીને સંતોષ અનુભવીએ કે –

**શ્રોતા, વક્તા, સર્વ મળી, કવિ કહે કર જોડ;**
**અગમનિગમની સમસ્યાનો, 'નેતિ' જ લાવે તોડ.**